SPECIAL METRO. MAGI. N.I.A. COURT (judgement}

C.C.NO.48380-2017

દાખલ થયા તા. :– ૦૫–૦૨–૨૦૧૪
રજીસ્ટર્ડ થયા તા. :– ૦૫–૦૨–૨૦૧૪
ફેંસલ થયા તા. :– ૦૩–૦૧–૨૦૨૩
સમયગાળો : વર્ષ :૦૮ માસ :૧૦ દિવસ : ૨૯

––

અમદાવાદના મહેરબાન સ્પેશીયલ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબ,નેગો.ઈન્સ્ટુ.એકટની કોર્ટ, અમદાવાદ.

––

<u>ક્રિમીનલ કેસ નં.૪૮૩૮૦/૨૦૧૭</u>

<u>જુનો ક્રિ.કેસ નં.૨૪૫/૨૦૧૪</u>

આંક–૩૩

ફરિયાદી :– **એશીયન ટયુબ્સ લીમીટેડ, એ નામની કંપની વતી અને તરફથી તેના ઓથોરાઈઝડ પર્સન**
શ્રી અનિલ અગ્રવાલ
ભારતીય નાગરિક, ઉંમર આશરે વર્ષ પુખ્ત વયના,
ધર્મે તથા જાતે હિન્દુ, ઠેકાણું–૧૦૧, સાકાર–૩,
જુની હાઈકોર્ટ પાસે, ઈન્કમટેક્ષ સર્કલ પાસે,
અમદાવાદ–૧૪

વિ રૂ ધ્ધ

આરોપી :– **મેસર્સ આર.એસ.સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝના પ્રોપરાઈટર,**
શ્રી રણધીર ગોયલ
ભારતીય નાગરિક, ઉંમર આશરે વર્ષ પુખ્ત વયના,
ધર્મે તથા જાતે હિન્દુ, ઠેકાણું–૯/સી, અશ્વમેઘ

ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ચાંગોદર, અમદાવાદ.
રહેવાસી :– ઈ/૧૧, આકાશ ટાવર, જજીસ
બંગલો રોડ,અમદાવાદ.

–––

ગુનો :– નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ.

–––

ફરીયાદપક્ષે વિ.વ.શ્રી અશોક શર્મા
આરોપી પક્ષે વિ.વ.શ્રી સબ્બીર બી. મનસુરી

–:: જજમેન્ટ ::–

(૧). ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી કંપની સી.આર. કોઈલ્સ અને એમ.એસ. પાઈપ્સ અને ટયુબ્સનું ઉત્પાદન અને વેચાણને લગતું કામકાજ કરે છે અને તેમની રજીસ્ટર્ડ ઓફિસ ફરિયાદમાં દર્શાવેલ સરનામે આવેલી છે અને આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા સારું કંપનીની તા.૩૦/૯/૧૩ ના રોજ મળેલ મીટીંગમાં ઠરાવ કરી કંપની વતી ફરિયાદીને સત્તા અને અધિકાર આપવામાં આવેલ છે. આ કામના આરોપી ફરિયાદમાં દર્શાવેલ સરનામેથી આર.એસ.સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ નામથી શીટ અને સી.આર.શીટસને લગતો વેપાર/ધંધો કરે છે અને ફરિયાદી સાથે ઘણા સમયથી ધંધાકીય સબંધથી સંકળાયેલ છે. આ કામના ફરિયાદીએ આરોપીને જુદી જુદી તારીખોએ સી.આર. કોઈલ્સનું વેચાણ કરેલ અને તેવા વેચાણ પેટે ફરિયાદીએ આરોપીને જુદી જુદી તારીખના બીલો આપેલ અને તેવા બીલોની બાકી રહેતી રકમની ચુકવણી પેટે આ કામના આરોપીએ ફરિયાદીને તા.૧૯/૯/૧૩ ના રોજનો રૂા.૫,૦૦,૭૦૨/– નો ચેક નં.

૫૮૦૪૫૯ થી બેંક ઓફ ઈન્ડીયા, ચાંગોદર, અમદાવાદ શાખાનો ચેક આપેલ અને જે ચેક ચોકકસ સ્વીકારાઈ જશે તેવી ખાત્રી અને બાંહેધરી આપેલ. ત્યારબાદ ફરિયાદીએ સદર ચેક તેઓની બેંક ધી કરૂર વૈશ્ય બેંક, આશ્રમ રોડ, અમદાવાદ શાખામાં જમા કરાવતાં તે ચેક તા.૨૦/૯/૧૩ ના રોજ 'ફંડ ઈનસફીસીયન્ટ' ના શેરા સાથે પરત આવેલ અને તે અંગેની જાણ ફરિયાદીને તેઓની બેંક ધ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ ચેક રીટર્નની જાણ ફરિયાદીને થતાં ફરિયાદીએ આરોપીનો સંપર્ક સાધતાં આરોપીએ ફરિયાદીને કોઈ સંતોષકારક જવાબ આપી શકેલ નહિં. આ કામના આરોપીએ આપેલ ચેક સ્વીકારાયા વગર તા.૨૦/૯/૧૩ ના રોજ પરત આવેલ છે. જેથી ફરિયાદીએ આ કામના આરોપીને તા.૧૮/૧૦/૧૩ ના રોજ એડવોકેટશ્રી મારફતે રજીસ્ટર્ડ એ.ડી. ધ્વારા આરોપીના ઓફિસ તથા ઘરના સરનામે નોટિસ મોકલાવેલ. આરોપીને ઓફિસના સરનામે મોકલાવેલ નોટિસ તા.૧૯/૧૦/૧૩ ના રોજ પોસ્ટ ખાતાના 'કંપની વેચાણ થઈ ગયેલ છે' તેવા શેરા સાથે પરત આવેલ છે. જયારે આરોપીના ઘરના સરનામે મોકલાવેલ નોટિસ આરોપીને તા.૧૯/૧૦/૧૩ ના રોજ મળી ગયેલ છે અને આ કામના આરોપીએ તા.૧/૧૧/૧૩ ના રોજ ફરિયાદીએ મોકલેલ નોટિસનો બેજવાબદાર અને ઉડાઉ અને જવાબ આપેલ છે અને ફરિયાદીની નોટિસમાં જણાવ્યા મુજબના ચેકમાં જણાવ્યા મુજબની ફરિયાદી કંપનીની કાયદેસરની બાકી રહેતી લેણી રકમ આરોપીએ ફરિયાદીને ચુકવી આપેલ નથી. આ રીતે આરોપીએ ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ સાથે વાંચતાં કલમ ૧૪૨ મુજબનો ગુનો કરેલ હોઈ હાલની ફરિયાદ દાખલ કરેલી છે.

(૨). આ કામના આરોપીને સમન્સ બજતાં તેઓ અત્રેની કોર્ટ સમક્ષ હાજર થયેલા. સદર કામે મારા પુરોગામી વિ. મેજીસ્ટ્રેટશ્રીએ ક્રિ.પ્રો. કોડની કલમ–૨૦૭ અન્વયે

ફરિયાદ તથા તેની સાથે રજુ તમામ દસ્તાવેજોની નકલો વિના મૂલ્યે પુરી પાડવામાં આવેલી. ત્યારબાદ આંક–૯ થી તા.૧૯/૫/૧૪ ના રોજ આરોપીની પ્લી નોંધી ગુના અંગે પુછતાં તેઓએ ગુનાનો ઈન્કાર કરેલો, જેથી સદર કેસની કાર્યવાહી આગળ કરવામાં આવેલી.

(૩). ત્યારબાદ આ કામે આંક–૧૭ ની આંકે પાડવાની ફરિયાદીની અરજી નીચે કરેલ હુકમ મુજબ ફરિયાદીએ રજુ કરેલ દસ્તાવેજોને આંક આપવાનો હુકમ કરેલો છે. આ કામે ફરીયાદ પક્ષ તરફે તેમની ફરીયાદ હકીકતના સમર્થનમાં નીચે મુજબના લેખીત મૌખિક પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

ક્રમ	મૌખિક પુરાવા	આંક
૧	ફરિયાદીની સોગંદ ઉપરની સરતપાસની એફીડેવીટ	૧૫

દસ્તાવેજી પુરાવો

ક્રમ	દસ્તાવેજનુ વર્ણન	આંક
૧.	ઠરાવની નકલ	૧૮
૨	અસલ ઈનવોઈસ નં.૮૫૦ ની નકલ	૧૯
૩	અસલ ઈનવોઈસ નં.૯૪૩ ની નકલ	૨૦
૪.	અસલ ઈનવોઈસ નં.૯૬૭ ની નકલ	૨૧
૫.	અસલ ચેક નં.૫૮૦૪૫૯	૨૨
૬.	ચેક રીટર્ન મેમો	૨૩
૭.	ફરિયાદીની બેંક ધ્વારા આપવામાં આવેલ રીટર્ન મેમો	૨૪
૮.	નોટિસની ઓફિસ કોપી	૨૫

૯.	ઓફીસના સરનામે નોટિસ રજી.એ.ડી. કર્યાની સ્લીપ	૨૬
૧૦.	રહેઠાણના સરનામે નોટિસ રજી.એ.ડી. કર્યાની સ્લીપ	૨૭
૧૧.	ઓફિસના સરનામેથી પરત આવેલ અસલ કવર	૨૮
૧૨.	નોટિસનો જવાબ	૨૯
૧૩.	વેટ ફોર્મ–૨૦૧એ ની ખરી નકલ	૩૦

(૪). આ કામે આરોપી છેલ્લા ઘણા સમયથી હાજર રહેતા નથી. જેથી આ કામે ફરિયાદી તરફે આંક–૩૧ થી ફરિયાદીએ આરોપીનો ફરિયાદીની ઉલટતપાસનો હકક બંધ કરવાની અરજી આપેલી છે. જે અરજી ઉપર કરવામાં આવેલ હુકમ મુજબ આરોપી કે તેમના વિ.વકીલશ્રી હાજર નથી, કોઈ રજુઆત કે રીપોર્ટ નથી જેથી આરોપીનો ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલો છે. ત્યારબાદ આંક–૩ર થી ફરિયાદીએ કલોઝીંગ પુરસીસ આપેલી છે જે ઘ્યાને લઈ આ કામે અન્ય સાહેદોને તપાસવામાં આવેલા નથી. ત્યારબાદ સદર કામ એફ.એસ. ના સ્ટેજ ઉપર છે. પરંતુ આ કામે આરોપી હાજર રહેતા નહિં હોવાથી ફરિયાદીએ આંક–૩૩ થી આરોપીનો એફ.એસ. નો હકક બંધ કરવા માટે અરજી આપેલી છે. જે અરજી ઉપર કરવામાં આવેલ હુકમ મુજબ આરોપીનો એફ.એસ. નો હકક બંધ કરવાનો હુકમ કરેલો છે. સદર કામે આરોપીનું ફર્ધર સ્ટેટમેન્ટ તૈયાર કરવામાં આવેલ છે પરંતુ આ કામે આરોપીએ અદાલત સમક્ષ હાજર રહી તેમનો વિશેષ ખુલાસો આપેલો નથી. ત્યારબાદ આરોપી અદાલત સમક્ષ હાજર રહેલા નથી . ત્યારબાદ ફરિયાદીના વિ.વકીલશ્રીએ મૌખિક દલીલો કરેલી છે. તેમણે મુખ્યત્વે ફરિયાદ હકીકત તેમજ ફરિયાદીની સરતપાસની હકીકત મુજબ દલીલો કરેલી છે. જે ઘ્યાને લીધી. આ કામે આરોપી તરફે કોઈ રજુઆત નથી.

(૫). રેકર્ડ પરના પુરાવા ઘ્યાને લેતાં સદર કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

મુદ્દાઓ

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ?

(૬). ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) હકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

(૭). **<u>કા ર ણો મુદ્દા નં.૧</u>**

આ કામે મુદ્દા નં.૧ ના સંદર્ભમાં જોવામાં આવે તો, મુદ્દા નં.૧ પુરવાર કરવાની જવાબદારી પ્રાથમિક રીતે ફરિયાદપક્ષની છે.

(૭.૧). હાલની ફરિયાદના નિકાલ માટે સૌ પ્રથમ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો ગુનો બને છે કે નહિં, તે નકકી કરવું જરૂરી છે. હાથ પરના કેસની ચર્ચા કરીએ તો સૌ પ્રથમ ફરિયાદવાળો ચેક **રૂા.૫,૦૦,૭૦૨/-(અંકે રૂપિયા પાંચ લાખ સાતસો બે પુરા) નો ચેક નં.૫૮૦૭૫૯ નો તા.૧૯/૯/૧૩** ના રોજનો આરોપીએ

ફરિયાદીને કોઈ કાયદેસરની લેણી કે બીજી જવાબદારી પેટે આપેલો છે કે કેમ ? તે નકકી કરવું પડે.

કોઈ વ્યકિત તેના ધ્વારા નિભાવવામાં આવતા બેંકના ખાતામાંથી કોઈ ચેક બીજી વ્યકિતને લખેલો હોય અને તે ચેક બીજી વ્યકિતની પ્રથમ વ્યકિત પાસેથી લેણાં નીકળતા કોઈ દેવા કે બીજી જવાબદારીના સંપુર્ણ કે અંશત: ચુકવણી પેટે હોય અને તે ચેક બેંક ધ્વારા વગર સ્વીકારાયે પરત આવે અને તે ચેક તે ખાતામાં ઓછી રકમના કારણે અથવા તો જે રકમની બેંક સાથે ગોઠવણ કરેલી હોય તેના કરતાં વધુ રકમનો ચેક હોય અને તેના કારણે પરત આવેલ હોય તો તે વ્યકિતએ ગુનો કર્યો ગણાશે અને આ કાયદાની બીજી જોગવાઈઓને બાધ આવ્યા સિવાય તે વ્યકિત બે વર્ષ સુધીની સજાને તથા ચેકની રકમથી બમણી રકમ સુધીના દંડને અથવા તો બંનેને પાત્ર થશે. જો કે આ કલમને તેના પરંતુક સાથે વંચાણે લેવી પડે. જે મુજબ સદરહુ ચેક તે ચેકની તારીખથી છ માસમાં અથવા તો તેના મંજુર સમયમાં રજુ થયેલો હોવો જોઈએ. વધુમાં, એવો પરંતુક છે કે, તે ચેક જેની તરફેણમાં લખવામાં આવેલ હોય કે તેના વતી ધારણ કરનારે તે બાબતની ચેક લખનારને બેંક તરફથી માહિતી મળ્યાના દિન–૩૦ (ત્રીસ) માં લેખીતમાં નોટિસ આપેલી હોય અને ચેક લખનારે તે ચેકની રકમ નોટિસ મળ્યાથી દિન–૧૫ (પંદર) માં ચુકવી આપેલ ન હોય. આમ, સમગ્ર કલમની જોગવાઈ ઉપરોકત પરંતુક સાથે વંચાણે લેવી પડે.

(૭.૨) આમ, ફરિયાદીએ તેમની ફરિયાદમાં જણાવેલી હકીકતો, તેમની સરતપાસ મારફતે સાબિત કરવાની પ્રાથમિક જવાબદારી નિભાવવાનો બોજો ફરિયાદી ઉપર રહે છે.

(૭.૩) ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ : ૧૩૯ ની જોગવાઈ જોઈએ

તો તે નીચે મુજબ છે.

Sec. 139 :- Presumption in favor of Holder

It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in Section-138 for the descharge, in whole or in part, or any debt or other liability.

જે મુજબ, વિરૂધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી એવું માની લેવું જોઈશે કે, ચેકને ધારણ કરનારે તે ચેક ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ માં જણાવ્યા મુજબની કોઈ લેણાં કે બીજી જવાબદારીના સંપુર્ણ કે અંશત: પાલન માટે જ મેળવેલો છે.

(૭.૪) આરોપીને અનુમાનથી વિરૂધ્ધનું સાબિત કરવું પડે અને અનુમાનનું ખંડન કરવું પડે. જે માટે આરોપીએ પોતે સાહેદ તરીકે જુબાની આપવાની જરૂર નથી, પરંતુ 'પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીઝ' ના ધોરણ મુજબ આરોપીએ શકયતાદર્શી પુરાવો આપવો પડે અને તેવો પુરાવો આરોપી ધ્વારા ફરિયાદીની તથા તેના સાહેદોની ઉલટ તપાસ ધ્વારા પણ રજુ કરી શકે છે.

(૭.૫) ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના પરંતુકની ચર્ચા કરીએ તો :–

પરંતુક (એ) પ્રમાણે તે ચેક છ માસમાં અથવા તો ચેકની નકકી થયેલી મર્યાદામાં બેંકમાં રજુ થયેલો હોવો જોઈએ.,

પરંતુક (બી) ને ધ્યાને લઈએ તો, ચેક પરત આવ્યાથી દિન–૩૦ માં ચેકની રકમ માંગતી લેખિત નોટિસ આરોપીને ફરિયાદીએ આપેલી હોવી જોઈએ.

પરંતુક (સી) મુજબ આરોપીને નોટિસ મળ્યાથી દિન–૧૫ માં તે ચેકનાં નાણાં ચુકવવામાં નિષ્ફળ ગયા હોવા જોઈએ.

(૮). **કારણો મુદ્દા નં.૧**

સદર કામે ફરિયાદી તરફે તેઓની દલીલ એવી છે કે, આરોપીએ પેમેન્ટ પેટે ચેક આપેલ છે. ફરિયાદીએ આરોપીને બીલો આપેલા તે આ કામે રજુ છે. જેને આંક પડેલ છે. લેણા પેટે આરોપીએ ફરિયાદીને ચેક આપેલ છે. જે ફરિયાદીએ ચેક નિયત સમયમાં બેન્કમાં જમા કરાવેલ છે. તે ચેક વગર સ્વીકારાયે પરત આવેલ છે. ફરિયાદીએ આરોપીને કાયદેસરની નોટિસ આપેલી છે. જે નોટિસ બજી ગયેલ છે. તેનો જવાબ પણ આરોપીએ આપેલો છે. તેમ છતાં ફરિયાદીને આરોપીએ લેણી રકમ ચુકવી આપેલ નથી. ફરિયાદ સમય મર્યાદામાં દાખલ કરેલ છે. આરોપીનો એફ.એસ.નો હકક પણ બંધ કરવામાં આવેલો છે. જેથી ફરિયાદ પક્ષ આરોપી સામેનો કેસ પુરવાર કરવામાં સફળ નીવડેલ છે. જેથી આરોપીને યોગ્ય શિક્ષા કરવા જણાવેલ છે. આ કામે આરોપી તરફે કોઈ રજુઆત નથી.

આ કામે ફરિયાદીનો સમગ્ર પુરાવો વંચાણે લેવામાં આવે તો સૌ પ્રથમ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઈ પ્રમાણે અને તે સાબીત કરવા માટે પ્રથમ

જોગવાઈ એવી છે કે, આરોપીએ ફરિયાદીને કાયદેસરના લેણા કે જવાબદારી અદા કરવા માટે પોતાના ખાતાનો ચેક આપેલો હોવો જોઈએ તે બાબતે ફરિયાદીની ફરિયાદ અને સરતપાસ જોવામાં આવે તો ફરિયાદીએ તેમની ફરીયાદ અને સરતપાસમાં જણાવ્યા મુજબ ફરિયાદી કંપની સી.આર. કોઈલ્સ અને એમ.એસ. પાઈપ્સ અને ટયુબ્સનું ઉત્પાદન અને વેચાણને લગતું કામકાજ કરે છે અને તેમની રજીસ્ટર્ડ ઓફિસ ફરિયાદમાં દર્શાવેલ સરનામે આવેલી છે અને આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા સારું કંપનીની તા.૩૦/૯/૧૩ ના રોજ મળેલ મીટીંગમાં ઠરાવ કરી કંપની વતી ફરિયાદીને સત્તા અને અધિકાર આપવામાં આવેલ છે. તે ઠરાવ આ કામે આંક–૧૮ થી રજુ થયેલ છે. આમ, આ કામના ફરિયાદીને આરોપી વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવાની સત્તા હોવાનું પુરવાર થયેલ છે. વધુમાં આ કામના આરોપી ફરિયાદમાં દર્શાવેલ સરનામેથી આર.એસ.સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ નામથી શીટ અને સી.આર.શીટસને લગતો વેપાર/ધંધો કરે છે અને ફરિયાદી સાથે ઘણા સમયથી ધંધાકીય સબંધથી સંકળાયેલ છે. આ કામના ફરિયાદીએ આરોપીને જુદી જુદી તારીખોએ સી.આર. કોઈલ્સનું વેચાણ કરેલ અને તેવા વેચાણ પેટે ફરિયાદીએ આરોપીને જુદી જુદી તારીખના બીલો આપેલ અને તેવા બીલોની બાકી રહેતી રકમની ચુકવણી પેટે આ કામના આરોપીએ ફરિયાદીને તારીખ– **૧૯/૯/૧૩ ના રોજનો રૂા.૫,૦૦,૭૦૨/– નો ચેક નં. ૫૮૦૪૫૯ થી બેંક ઓફ ઈન્ડીયા, ચાંગોદર, અમદાવાદ શાખાનો** ચેક આપેલ અને જે ચેક ચોકકસ સ્વીકારાઈ જશે તેવી ખાત્રી અને બાંહેધરી આપેલ. તે ચેક આ કામે **આંક–૨૨** થી રજુ થયેલો છે. આ હકીકત ફરિયાદીએ ફરીયાદ અને તેમની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે. તે હકીકતને આરોપી ધ્વારા પડકારવામાં આવેલ નથી જેથી તે હકીકત ન માનવાને કોઈ કારણ નથી. તકરારી ચેક આરોપીએ આપેલ હોવાની હકીકત ફરિયાદીએ સાબીત કરેલ હોવાનું ન માનવાને કોઈ કારણ નથી .

(૯). ત્યારબાદ બીજી જોગવાઈ અંગે જોવામાં આવે તો ફરિયાદીએ તેમની ફરિયાદ અને સરતપાસમાં આરોપીની સુચના મુજબ તે ચેક ફરિયાદીએ તેઓની બેંક, ધી કરૂર વૈશ્ય બેંક, આશ્રમ રોડ શાખા, અમદાવાદમાં આવેલ ખાતામાં જમા કરાવતાં તે ચેક તા. ૨૦/૯/૧૩ ના રોજ 'ફંડસ ઈનસફીશીયન્ટ' ના શેરા સાથે વગર સ્વીકારાયે પરત આવેલ. આરોપીની બેંક ઘ્વારા આપવામાં આવેલ રીટર્ન મેમો આંક−૨૩ થી તથા ફરિયાદીની બેંક ઘ્વારા તા.૨૦/૯/૧૩ ના રોજ આપવામાં આવેલ રીટર્ન મેમો આંક−૨૪ થી રજુ કરેલ છે . ચેક અને રીટર્ન મેમો ફરિયાદીએ ફરીયાદમાં જણાવેલ છે અને સરતપાસમાં રીફર કરેલ છે. જેથી આરોપીના કહેવા પ્રમાણે ફરિયાદીએ વિધીસર ચેક જમા કરાવેલ હોવાનું અને તે 'ફંડસ ઈન્સફીસીયન્ટ' ના શેરાથી પરત આવેલ હોવાનું ફરિયાદીની જુબાની અને **આંક−૨૨** નો ચેક તથા **આંક−૨૩ તથા ૨૪** ના ચેક રીટર્ન મેમોના પુરાવાથી સાબીત કરેલ છે અને તે પુરાવો આરોપી ઘ્વારા ચેલેન્જ કરવામાં આવેલ નથી જેથી તે હકીકત ન માનવાને પણ કોઈ કારણ નથી . જેથી એ હકીકત પણ ફરિયાદીએ સાબીત કરેલ હોવાનું માનવામાં આવેલ છે.

(૧૦). ત્યારબાદ કાયદાની જોગવાઈ પ્રમાણે બીજી જોગવાઈ જોવામાં આવે તો સદર ચેક પરત ફર્યા પછી આરોપીને કાયદેસરની સ્ટેચ્યુટરી નોટિસ આપીને ધોરણસર બજવા માટે મોકલેલ હોવાનું અને આરોપીને મળી ગયેલ હોવાનું ફરિયાદીનો પુરાવો જોવામાં આવે તો ચેક પરત ફર્યા પછી ફરિયાદીએ તેમની ફરીયાદ અને સરતપાસમાં આ કામના આરોપીને સ્ટેચ્યુટરી નોટિસ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ પ્રમાણેની રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી.થી તા.૧૮/૧૦/૧૩ ના રોજ એડવોકેટશ્રી મારફતે આરોપીના ઓફિસ તથા ઘરના સરનામે નોટિસ મોકલાવેલ.આરોપીને ઓફિસના સરનામે મોકલાવેલ નોટિસ તા.૧૯/૧૦/૧૩ ના રોજ પોસ્ટ ખાતાના 'કંપની વેચાણ

થઈ ગયેલ છે' તેવા શેરા સાથે પરત આવેલ છે. જયારે આરોપીના ઘરના સરનામે મોકલાવેલ નોટિસ આરોપીને તા.૧૯/૧૦/૧૩ ના રોજ મળી ગયેલ છે અને આ કામના આરોપીએ તા.૧/૧૧/૧૩ ના રોજ ફરિયાદીએ મોકલેલ નોટિસનો બેજવાબદાર અને ઉડાઉ અને જવાબ આપેલ છે અને ફરિયાદીની નોટિસમાં જણાવ્યા મુજબના ચેકમાં જણાવ્યા મુજબની ફરિયાદી કંપનીની કાયદેસરની બાકી રહેતી લેણી રકમ આરોપીએ ફરિયાદીને ચુકવી આપેલ નથી. તે નોટિસની સ્થળપ્રત **આંક–૨૫** થી તથા રજીસ્ટર્ડ એ.ડી. કર્યાની સ્લીપ **આંક–૨૬ અને ૨૭** થી રજુ થયેલ છે. જેથી આ કામે ફરિયાદીએ આરોપીને સ્ટેચ્યુટરી નોટિસ વિધીસર મોકલાવેલ હોવાનું અને તે આરોપીને મળી ગયેલ હોવાનું ન માનવાને કોઈ કારણ નથી. કારણ કે, આ હકીકતને પણ આરોપી દ્વારા પડકારવામાં આવેલ નથી અને તેથી આરોપીએ ફરિયાદીને પંદર દિવસમાં નાણાં આપેલ નહિં જેથી ફરિયાદીએ હાલની ફરિયાદ સમયગાળામાં દાખલ કરેલ છે. આરોપીને સ્ટેચ્યુટરી નોટિસ વિધીસર મળી ગયેલ હોવા છતાં આરોપીએ ચેકના નાણાં મુદત સમયમાં પરત આપેલ નથી જેથી ફરિયાદીએ તેમનો કેસ પુરવાર કરેલ હોવાનું ન માનવાને કોઈ કારણ નથી જેથી મુદ્દા નં.૧ નો જવાબ 'હકારાત્મક' આપી મુદ્દા નં.૨ સંદર્ભે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

-: આખરી હુકમ :-

।૧।. આ કામના **આરોપી શ્રી રણધીર ગોયલ તે મેસર્સ આર.એસ.સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝના પ્રોપરાઈટર** ઠેકાણું–૯/સી, અશ્વમેઘ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ચાંગોદર, અમદાવાદ તથા રહેવાસી :– ઈ/૧૧, આકાશ ટાવર, જજીસ બંગલો રોડ,અમદાવાદ નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૫(૨) મુજબ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ

એકટની કલમ–૧૩૮ અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપીને સદરહુ ગુના સબબ ૧ (એક) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

।૨। આ કામનાં આરોપીને એવો હુકમ કરવામાં આવે છે કે, આ હુકમ થયાની તારીખથી એટલે કે,૦૩/૦૧/૨૦૨૩ ના રોજથી ફરીયાદીને ચેકની લેણી રકમ **રૂા.૫,૦૦,૭૦૨/–(અંકે રૂપીયા પાંચ લાખ સાતસો બે પુરા)** ૯% ના સાદા વ્યાજ સાથે ચડયેચડયા દિન–૬૦ માં ચુકવી આપવા. જો આરોપીએ સદર રકમ ન ચૂકવે તો ફરિયાદી આરોપી પાસેથી સદર રકમ ૯% ના સાદા વ્યાજના દરે વસુલ લેવા માટે હકકદાર રહેશે.

આરોપીએ ચેકની રકમ જેટલા નાણાં ફરીયાદીને વળતર પેટે ચુકવી આપવા. જો તેમ કરવામાં આરોપી નિષ્ફળ જાય તો વધુ ૬ (છ) માસની સાદી કેદની સજા આરોપીએ ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

।૩। આરોપી ચાલુ કેસ દરમ્યાન જો જયુડીશીયલ કસ્ટડીમાં રહયા હોય તો તે સજા તેઓને આ સજામાં મજરે આપવી તેવો હુકમ કરવામાં આવે છે.

।૪। આરોપી આ અદાલત સમક્ષ હાજર રહેલા ન હોવાથી તેમના વિરૂધ્ધ પકડ વોરન્ટ કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

।૫। આરોપીના નામનું સજા વોરન્ટ ઈસ્યુ કરવું.

।ઙ। કચેરીએ આ હુકમની એક નકલ આરોપીને વિના મુલ્યે પુરી પાડવી.

હુકમ આજ તારીખ ૩ માહે જાન્યુઆરી સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ. (ડી.જી.વાઘેલા)
તા.૦૩/૦૧/૨૦૨૩ સ્પેશીયલ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
ને.ઈ.એકટ કોર્ટ અમદાવાદ
GJRE001

sindhi steno